**મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**
**રેફરન્સ (T) નં.૮૪૫/૨૦૨૩**

**આંક– ૭**

**પ્રથમ પક્ષકાર:–** **૧. સોલીડ ફેસીલીટી સર્વિસ પ્રા.લી.**
(સામાવાળા) ૧૨–એ/૧, ઓમશાંતી નગર, કૃષ્ણનગરી સામે,
મકરબા, વેજલપુર, અમદાવાદ.
**૨.** કોલો રૂળીયા કેમીકલ્સ ઈન્ડીયા પ્રા.લી.
પ્લોટ નં.એસ.એમ.૨૧, ગેટ નં.૨, એન્જીનીયરીંગ એસ્ટેટ,
બોળ,જીઆઈડી.સી., મુ.બોળ, તા. સાણંદ, જી.અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર:–** **અશોકભાઈ મગનભાઈ સોલંકી**
(અરજદાર) **રહે.**ઈયાવા, તા. સાણંદ, જી.અમદાવાદ.
**C/O. ઓમશકિત લેબર એસોસીએશન**
૨૭૪૪, હનુમાન ગલી, વડવાળી ચાલી,
સિંગરવા, અમદાવાદ–૩૮૨૪૩૦

હાજર રહ્યાઃ પ્રથમ પક્ષકાર તરફે : કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિ.શ્રી કે.કે.રાઠોડ

**–: એ વો ર્ડ :–**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં 'સગવડતા' અને 'સરળતા' ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **'સામાવાળા'** અને **'અરજદાર'** તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા મદદનીશ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદનાં હુકમ ક્રમાંકઃ/ નાશ્રઆ/અવિ/વિભાગ–૧/આઈ.ડી.આરનં.૮૫૪/વર્ષ–૨૦૨૩/૩૮૧૧૪ તા.૧૮/૧૧/૨૦૨૩ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**શ્રી અશોકભાઈ મગનભાઈ સોલંકી** ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૩) ઉપરોક્ત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ કરી પક્ષકારોને નોટીસ કરતાં સદરહુ રેફરન્સ કેસમાં અરજદાર તથા તેમના પ્રતિનિધિશ્રીએ આંક–૬ થી વિડ્રો પુરસીસ રજુ કરીને જણાવે છે કે, સદર કામે અરજદાર અને સામાવાળા વચ્ચે ઘર મેળે સમાધાન થઈ ગયેલ છે અને તેઓનો નિકળતો હિસાબ અરજદારને મળી ગયેલ છે અને પુન:સ્થાપિતનો હકક જતો કરીએ છીએ જેથી અરજદાર સદરહુ કેસ આગળ ચલાવવા માગતા નહી હોવાનું વિડ્રો પુરસીસથી જાહેર કરી તે મુજબ પરવાનગી માંગતા આંક–૬ ની વિડ્રો પુરસીસ નોંધવામાં આવેલ છે. જેથી હાલનો કેસ વિડ્રો પુરસીસ મુજબ વિડ્રો થવાથી લોક અદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખઃ ૦૯/૦૩/૨૦૨૪.**
**સ્થળઃ અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

**ARPITA PATEL (P.A)**